વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ આઠમ મંગળવાર ૨૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૯

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

હિમાલયન રાજ્યોમાં ભારે વરસાદ : વધુ 18ના મોત

જમ્મુ-કાશ્મીરમાં વધુ 11ના મોત સાથે મૃત્યુઆંક ૨૩ થયો, સાત લોકો હજી લાપતા

ઉત્તરાખંડમાં ભારે વરસાદથી ભૂપ્રપાતો, ૧૫૦ રસ્તાઓ બંધ, ચારધામ યાત્રા અટકી

હિમાચલ પ્રદેશમાં રેડ એલર્ટને પગલે આજે તમામ શાળાઓ બંધ

અરૂણાચલ પ્રદેશ અને આસામમાં પણ ભારે વરસાદને કારણે ભૂસ્ખલનના અનેક બનાવો

નવી દિલ્હી, તા. 20 (PTI): જમ્મુ-કાશ્મીરમાં વરસાદને લગતી ઘટનાઓમાં આજે વધુ ૧૧ લોકોનાં મોત નિપજતા બે દિવસમાં વરસાદથી મૃત્યુઆંક આ સંઘપ્રદેશમાં વધીને ૨૩ થયો છે, જ્યારે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદને કારણે જનજીવન વ્યાપક રીતે ખોરવાઇ ગયુ હતું. ભારતીય હવામાન વિભાગે 20 અને 21

...અનુસંધાન પાના 15 પર

વરસાદ અને ભૂસ્ખલનને કારણે ચારધામ યાત્રા અટકાવાઈ, બેના મોત

દેહરાદૂન, તા. 20 (PTI) : અધિકારીએ જણાવ્યું હતું કે, અવિરત વરસી રહેલા વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનથી 4 રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત લગભગ 150 રસ્તાઓ બંધ થઈ ગયા છે. આ સાથે વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે સોમવારે ચારધામ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, રસ્તાઓ સુરક્ષિત થાય અને પરિસ્થિતિ સામાન્ય થાય પછી જ યાત્રા ફરી શરૂ કરવામાં આવશે. ઉત્તરાખંડમાં બે કાંઠે વહેતી સરયુ નદીમાં તણાઈ જવાથી એક બાળક ગુમ થયો છે, જ્યારે વીજળી પડવાથી અન્ય એક વ્યક્તિનું મોત થયું છે. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. બાગેશ્વરના ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર (ઈન-ચાર્જ) પ્રવીણ ગોસ્વામીએ જણાવ્યું કે, રાકેશ નામનો આ

...અનુસંધાન પાના 15 પર

વરસાદના કારણે અમરનાથ, વૈષ્ણોદેવી અને શિવ ખોરી યાત્રા બીજા દિવસે સ્થગિત

જમ્મુ, તા. ૨૦ (PTI): જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે અમરનાથ, માતા વૈષ્ણોદેવી અને શિવ ખોરીના ગુફા મંદિરોની તીર્થયાત્રા સતત બીજા દિવસે સોમવારે સ્થગિત રાખવામાં આવી હતી. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓને બેઝ કેમ્પ અને રોકાણના કેન્દ્રો પર જ રહેવાની સલાહ આપવામાં આવી છે. પ્રશાસને કહ્યું હતુ કે, "હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી ખરાબ હવામાનની અગાઉથી આગાહીને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે પહેલાથી જ નિર્ણય લીધો છે કે, શ્રી અમરનાથજી યાત્રા આગળના આદેશ સુધી સ્થગિત રહેશે. તે મુજબ, શ્રદ્ધાળુઓને લઈ જતું કોઈ પણ વાહન જમ્મુ, ઉધમપુર કે રામબનથી શ્રીનગર તરફ આગળ વધવા દેવામાં આવશે નહીં." જમ્મુ, કઠુઆ, સાંબા, ઉધમપુર, રામબન અને બાનિહાલના

...અનુસંધાન પાના 15 પર

સિક્કિમમાં ભૂસ્ખલન બાદ નિર્માણાધીન સુરંગમાં 12 શ્રમિકો ફસાયા

ગંગટોક, તા. 20 (PTI): સિક્કિમના નામચી જિલ્લામાં સોમવારે બપોરે ભૂસ્ખલનને કારણે પ્રવેશદ્વાર બંધ થઈ જતાં એક નિર્માણાધીન રોડ ટનલ (સુરંગ) અંદર ઓછામાં ઓછા 12 શ્રમિકો ફસાઈ ગયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, ભૂસ્ખલનને કારણે સમરડુંગ સુરંગની અંદર શંકાસ્પદ ગેસ ગળતર પણ શરૂ થયું હતું. પોલીસે વધુમાં ઉમેર્યું કે, આ ગેસ ભૂસ્ખલનને કારણે પ્રભાવિત થયેલા ભૂગર્ભ સ્તરો અથવા ખડકોની રચનામાંથી કુદરતી રીતે બહાર આવી રહ્યો હોવાનું માનવામાં આવે છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), એસડીઆરએફ, પોલીસ અને ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસની ટીમો બચાવ કામગીરી ચલાવી રહી છે. અધિકારીએ કહ્યું હતું

...અનુસંધાન પાના 15 પર

અસમમાં પૂરથી 3.63 લાખ લોકો અસરગ્રસ્ત, વધુ પાંચના મોત

જોરહાટ જિલ્લામાં પુરના પાણીમાં ડૂબતા બે છોકરી સહિત ચારના મોત

ગુવાહાટી, તા. 20 (PTI) : સોમવારે અસમમાં પૂરની પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. એક સત્તાવાર બુલેટિન અનુસાર, રાજ્યના ૧૫ જિલ્લાઓમાં લગભગ ૩.૬૩ લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે અને વધુ પાંચ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અસમ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળએ જણાવ્યું કે, જોરહાટ જિલ્લામાં પૂરના પાણીમાં ડૂબી જવાથી બે પુરુષો અને બે છોકરીઓના મોત થયા છે, જ્યારે કાર્બી આંગલોંગ જિલ્લામાં અન્ય એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ નવા મૃત્યુ સાથે આ વર્ષે પૂરમાં જીવ ગુમાવનારાઓનો કુલ આંકડો વધીને ૧૦ થઈ ગયો છે. તંત્રના દૈનિક પૂર અહેવાલ મુજબ,

...અનુસંધાન પાના 15 પર

દિલ્હી ડાયરી

રામ મંદિર દાનચોરી કૌભાંડ: ટ્રસ્ટીઓનાં રાજીનામાંથી ગરમાયેલું રાજકારણ

અયોધ્યાના રામ મંદિરમાં દાન (ચડાવો)ની કથિત ગેરરીતિ અંગેનો હોબાળો હવે દેશ અને દુનિયાભરમાં સંભળાઈ રહ્યો છે. કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકારના પ્રાથમિક સંકોચ બાદ એફઆઈઆર નોંધાયા પછી આ હોબાળો વધુ તીવ્ર બન્યો છે. એવા આક્ષેપો છે કે, સરકાર આરએસએસ-વિશ્વ હિન્દુ પરિષદના દબાણ હેઠળ હતી, જેઓ એક સરકારી ટ્રસ્ટ દ્વારા આ પવિત્ર ધામનો વહીવટ સંભાળે છે. સમાજના દરેક વર્ગે ચિંતા વ્યક્ત કર્યા પછી અને વિરોધ પક્ષોએ ભાજપને ઘેરવાની તેમજ આરએસએસની ટીકા કરવાની તક ઝડપી લીધા પછી આ મુદ્દાએ જોર પકડ્યું છે. હવે એવી ગંભીર શંકાઓ ઊભી થઈ છે કે, માત્ર થોડી નાની માછલીઓ (નાના માણસો)ને પકડીને આ મામલાને ચૂપચાપ દબાવી શકાશે કે કેમ. વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખ ચંપત રાય, જે રામ મંદિર ટ્રસ્ટમાં અગ્રણી ચહેરો છે અને વીએચપી સાથે સંકળાયેલા અન્ય એક હાઇ-પ્રોફાઇલ ટ્રસ્ટીએ આખરે ભારે જાહેર દબાણ હેઠળ ટ્રસ્ટમાંથી રાજીનામું આપી દીધું છે. આ ઘટના બાદ હવે આ મુદ્દાને ચૂપચાપ દબાવી દેવો વધુ મુશ્કેલ બની ગયો છે. જોકે, ચંપત રાય અને કેન્દ્ર તેમ જ ઉત્તર પ્રદેશ સરકારના ઉચ્ચ સ્તરોમાં બેઠેલાં અન્ય મોટાં

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૦-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	00.00 મીમી	૧૩૬.00 મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	33.૨0 સે.	૨૭.0 સે.	૭૨%

આંદોલન શરૂ થયા બાદ પહેલીવાર સરકારની CJP પ્રતિનિધિઓ સાથે વાતચીત

શિક્ષણમંત્રીના રાજીનામા સહિતની માગણીઓ પર વિચારણાની નડ્ડાની ખાતરી

જે.પી. નડ્ડાએ સીજેપી પ્રતિનિધિમંડળને મુલાકાત આપી, માગણીઓ પર સરકાર વિચારણા કરશે એવી ખાતરી આપી

CJPની માગ : વાંગચૂકની તાત્કાલિક મુક્તિ, પ્રધાનની બરતરફી અને આપઘાત કરનારા નીટ પરિક્ષાર્થીના પરિવારને એક કરોડનું વળતર

નવી દિલ્હી, તા. 20 (PTI): કેન્દ્ર સરકારે આંદોલન કરી રહેલી

'કોકરોચ જનતા પાર્ટી'(CJP) સાથે છેવટે આજે સંપર્ક સાધ્યો હતો. હજારો પ્રદર્શનકારીઓએ સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યા બાદ, જેમને પોલીસે રોક્યા હતા, આ પછી કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડાએ CJPના બે સભ્યોના પ્રતિનિધિમંડળને

...અનુસંધાન પાના 15 પર

CJPએ સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માગણીઓ મૂકી છે

સીજેપી પ્રવક્તા સૌરવ દાસે કહ્યું, અમારી ત્રણ માંગણીઓ છે -- સોનમ વાંગચુક જીને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. તેઓ એક વીડિયો સંદેશ શેર કરવા માંગે છે અને તેમને તેમ કરવાની મંજૂરી આપવી જોઈએ. ધર્મેન્દ્ર પ્રધાનને તાત્કાલિક બરતરફ કરવા જોઈએ, અને નીટ પેપર લીક પછી આત્મહત્યા કરનારાઓના પરિવારોને એક કરોડનું વળતર

...અનુસંધાન પાના 15 પર

CJPની 'ચલો સંસદ' કૂચ પર પોલીસનો બળપ્રયોગ: ભારે તોફાન

સંસદ તરફ જતી કૂચ અટકાવાતા ભારે તોફાન, પોલીસે લાઠીચાર્જ અને ટિયરગેસનો ઉપયોગ કર્યો

કૂચકારીઓએ અન્ય માર્ગોએ થઇ સંસદ સુધી પહોંચવા પ્રયાસ કર્યો, મધ્ય દિલ્હીના અનેક વિસ્તારોમાં અંધાધૂંધી

નવી દિલ્હી, તા. 20: દિવસોથી ચાલતા કોકરોચ જનતા પાર્ટીના આંદોલન પછી આજે યુવા વિરોધ પ્રદર્શનકારીઓએ 'ચલો સંસદ' કૂચ દ્વારા સંસદ ભવન પર કૂચ લઇ જવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને

પોલીસ દ્વારા અટકાવવામાં આવતા ભારે ધમાલ મચી ગઇ હતી અને પોલીસે તેમને બળપ્રયોગ કરીને સંસદથી દૂર ભગાડી દીધા હતા.

'ચલો સંસદ'ના નારા સાથે યુવાનો જંતરમંતર ખાતે ભેગા થયા હતા. આ યુવાનોએ મધ્ય દિલ્હીના ઉચ્ચ સુરક્ષા ધરાવતા વિસ્તારોને વિરોધ પ્રદર્શનના અસાધારણ દ્રશ્યોમાં ફેરવી નાખ્યા હતા. પ્લેકાર્ડ્સ અને ત્રિરંગો હાથમાં લઈને "ભારત માતા કી જય", "જય ભીમ", "વંદે માતરમ" અને "ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપો" જેવા નારા લગાવતા ઘણા લોકો જ્યાં રોકવામાં આવ્યા ત્યાં જ બેસી ગયા. જોતજોતામાં શહેરના અનેક વિસ્તારોમાં આ વિરોધ પ્રદર્શન ફેલાઈ ગયું. અને મધ્ય દિલ્હીના અનેક વિસ્તારોમાં અંધાધૂંધી ફેલાઇ ગઇ હતી. આ ભીડમાં શાળાના બાળકો, કોલેજના વિદ્યાર્થીઓ, વાલીઓ અને વરિષ્ઠ નાગરિકો સામેલ હતા. કેટલાક ગણવેશમાં આવ્યા હતા, તો કેટલાક કોકરોચના કોસ્ચ્યુમ પહેરીને આવ્યા હતા.

...અનુસંધાન પાના 15 પર

સંસદમાં ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ભારે ધમાલ : બંને ગૃહ મોકૂફ

પ્રથમ દિવસે વિપક્ષી સાંસદોએ બંને ગૃહોમાં નીટ પેપર લીકનો મુદ્દો ઉપાડ્યો,

વારંવારની સભામોકૂફીઓ પછી લોકસભા અને રાજ્યસભા આવતીકાલ સુધી મોકૂફ

લોકસભામાં સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા વધારવા માટેનો ખરડો રજૂ થઇ શક્યો

નવી દિલ્હી, તા. 20 (PTI): NEET પેપર લીક અને રામ મંદિર દાન ચોરીના કથિત મુદ્દાઓ પર વિપક્ષના વિરોધ પ્રદર્શનને કારણે સોમવારે લોકસભાની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. ચોમાસુ સત્રના પહેલા જ દિવસે વારંવાર મુલતવી રહ્યા બાદ અંતે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

NEET પેપર લીકના મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના નેતૃત્વ હેઠળ પ્રદર્શનકારીઓએ સંસદ તરફ કૂચ કરવા માટે બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે આ હોબાળો થયો હતો. વારંવારના વિક્ષેપ બાદ છ વખત ગૃહ ફરી મળ્યા પછી બપોરે લગભગ ૩ વાગ્યે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. આ પહેલા બપોરે ૨:૩૦ વાગ્યે પણ કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી, જ્યારે કે પીઠાસીન અધિકારી જગદંબિકા પાલે વિપક્ષી સાંસદોને લોકસભાના નિયમો અને સંચાલન પ્રક્રિયાના નિયમ ૩૭૭ હેઠળ જાહેર મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવા દેવા અપીલ કરી હતી, છતાં તેમનો વિરોધ ચાલુ રહ્યો હતો. અગાઉ, સવારે ૧૧ વાગ્યે જેવું ગૃહ શરૂ થયું કે તરત જ વિપક્ષી સભ્યોએ

...અનુસંધાન પાના 15 પર

સંસદમાં દરેક અવાજને સંભળાવાની તક મળવી જોઈએ: વડાપ્રધાન

નવી દિલ્હી, 20(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સંસદના મોનસૂન સત્રને ફળદાયી બનાવવાની હાકલ કરતા જણાવ્યું હતું કે, જો ગૃહમાં તર્ક અને તથ્યો સાથે ચર્ચા કરવામાં આવે તો હંગામો કરવા કે અવાજ ઉઠાવવાની કોઈ જરૂર રહેશે નહીં.

તેમની આ ટિપ્પણીઓ સંસદના મોનસૂન સત્રની શરૂઆત પહેલાં આવી છે. આ સત્ર તોફાની રહેવાની શક્યતા છે, કારણ કે વિપક્ષ NEET પેપર લીક, અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ચોરી અને E20 પેટ્રોલ જેવા મુદ્દાઓ ઉઠાવવા માટે તૈયાર છે.

...અનુસંધાન પાના 15 પર

હું 56 વર્ષના યુવાનની વાત નથી કરતો: મોદીનો રાહુલ પર કટાક્ષ

ભારતના પ્રથમ ખાનગી રીતે વિકસાવવામાં આવેલા ઓર્બિટલ રોકેટ પાછળ રહેલા યુવા ઇનોવેટર્સની પ્રશંસા કરતી વખતે મોદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આડકતરો કટાક્ષ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ કોઈ 56 વર્ષના યુવાનની

...અનુસંધાન પાના 15 પર

આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ® ૨૬ વર્ષ થી
ટ્રીટમેન્ટ કિલીનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
"૨૬ વર્ષથી ટેબ કિલનીક્સ સુરત શાખા નો શુધ્ધ આયુર્વેદીક સારવાર કરીને અનેક દર્દીઓ હાડકા-મણકા-સાંધા તેમજ સ્નાયુઓને લગતી અનેક તકલીફોથી મુકત થયા છે. અમે પણ એ ફાયદો પ્રત્યક્ષ મેળવ્યો છે તો તમે કેમ નહીં ?"
શ્રીમતિ પ્રજ્ઞાબેન દેસાઈ
આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
ઉંમર- ૫૯ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એફ-૩૦૭, પનિતાપાર્ક, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૭
"ઘણા વર્ષો પહેલા મને બંને ઘુંટણમાં દુઃખાવાની શરૂઆત થએલી. ધીરે-ધીરે કમર, બંને ઘુંટી, પગના સ્નાયુઓ, ગરદન, બંને ખભા તથા હાથની આંગળીઓમાં પણ દુઃખાવો શરૂ થઈ ગયો. આખા શરીરમાં જકડાહટ રહેતી હતી. સવારે ઊઠું ત્યારે તળિયામાં સખત દુઃખાવાને કારણે જમીન પર પગ મૂકી શકાતો ન હતો.પલાંઠી વાળીને જમીન પર થોડીવાર પણ બેસી શકાતું ન હતું. ગરદન અને ખભાના દુઃખાવાને લીધે ગરદન ઘુમાવતાં તડ-તડ અવાજ આવતો હતો અને બંને હાથ બિલકુલ ઉંચા કરી શકાતા ન હતા. બંને હાથના આંગળાઓમાં જકડાહટ રહેતી હતી અને સખત ખેંચાતા હતા. આથી લોટ પણ બાંધી શકાતો નહી હતો. એક દિવસ પેપરમાં ટેબની જાહેરાત વાંચી મે ત્યાં બતાવવા માટે એપોઈન્ટમેન્ટ લીધી. ટેબના ડોકટરે કહ્યા પ્રમાણે નિયમિત સારવાર ચાલુ કરી. નિયત સમય પહેલાજ હું સંપૂર્ણ સારી થઈ ગઈ. સારવાર પૂરી થયાના દોઢેક વર્ષ પછી પણ કોઈપણ પ્રકારના દુઃખાવા વગર સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી રહી છું. ઘરનું બધું જ કામકાજ કરી શકુ છું. સવારે ઉઠું ત્યારે એકદમ ફ્રેશ ફીલ કરૂં છું. રોજ એકાદ કલાક વોક અને ૪૦-૪૫ મિનિટ યોગા કરૂં છું. સારવાર પુરી થયા પછી પ્રયાગરાજ યાત્રા પર ગએલી ત્યારે ૩૦-૩૫ કિ.મી. ચાલવા છતાં મને કોઈપણ જાતની તકલીફ નહીં પડેલી. ટેબની સારવાર પછી મને જીવનની નવી આશ - નવી રાહ મળી છે એ બદલ આભાર ટેબ કિલનીક્સનો."
દર્દી ની સહી
શ્રીમતિ ભારતીબેન વડનગરા
આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા
ઉંમર- ૬૮ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એ-૬૦૧, ગ્રીન એન્કલેવ, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત-૯
"ઘણા વર્ષોથી મને ડાબા પગના ઘુંટણમાં સખત દુઃખાવો, સોજો તથા પલાંઠી પણ વાળી શકાતી ન હતી. થોડીવાર માટે પણ ચાલવાનું કે ઉભા રહેવાનું ખુબજ મુશ્કેલ હતું. ચાલતી વખતે પગ ઉપાડતાં પગ ખુબ જ ભારે લાગતાં હતા. લોલકની જેમ ડગુમગું ચલાતું હતું. દુઃખાવાથી ખૂબ કંટાળી ગઈ હતી એવા સમયે પેપરમાં ટેબમાં સારા થયેલા પેશન્ટ વિશે વોચ્યુ. મને થયુ કે જો બીજા સારા થાય છે તો હું કેમ નહીં ? અમે ટેબની મુલાકાત લીધી. ત્યાં ડોકટરે મારી સંપૂર્ણ શારીરિક તપાસ કરી. મને નિયત સમયમાં વગર ઓપરેશને સારા કરવાની ખાતરી આપી. ટેબના ડોકટરના કહેવા પ્રમાણે નિમમિત સારવાર કરી નિયત સમયમાં હું સંપૂર્ણ સારી થઈ ગઈ. મને દુઃખાવામાં સંપૂર્ણ રાહત મળી છે. સોજા પૂરેપૂરા ઉતરી ગયા છે અને જકડાહટ બિલકુલ રહેતી નથી. હવે હું જમીન પર, પલાંઠી વાળીને તથા ઉભડક પગે બેસી શકું છું. એક-બે કી.મી. ચાલવા પણ જાઉ છું. ઘણી વખત ઉભા રહીને રસોડાનું તેમજ ઘરનું અન્ય કામ પણ દર્દરહીત પણે કરી શકાય છે. હવે ચાલતી વખતે ડગુમગુ પણ નથી ચલાતું અને પગ આરામથી ઉપાડી શકાય છે. આભાર ટેબ કિલનીકનો."
દર્દી ની સહી
✓ ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્‌ભુત મિશ્રણ છે.
✓ ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
✓ ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતુ પોતાની જ ગ્રુપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપુર્ણ ઉપચાર કરે છે.
✓ ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
✓ શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક પેઈનશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.